# સફળ વાર્તા



થીમ: ઔષધીય પાકની ખેતી
"ચીકોરીની ખેતી"

**ડો. વિ. સી. ગઢિયા, શ્રી એસ. એચ. લાખાણી, ડો. કે. પી. બારૈયા અને શ્રીમતી એ. કે. બારૈયા**
**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જામનગર**

ખેડૂતની માહિતી:

| | | |
|---|---|---|
| ખેડૂતનું નામ | : | **પરમાર પ્રવિણભાઈ સવજીભાઈ** |
| ફોન નંબર | : | ૯૭૨૩૧૨૯૨૧૪ |
| સરનામું | : | ગામ: જીવાપર<br>તાલુકો: જામનગર<br>જીલ્લો: જામનગર |
| ઉમર | : | ૪૬ વર્ષ |
| અભ્યાસ | : | ૦૭ પાસ |
| જમીન | : | ૧૦ એકર અને ૩ ગુંઠા |
| પાકનું નામ | : | ચીકોરી |
| પશુઓની સંખ્યા | : | ૨ ભેંસ અને ૨ બળદ |
| વ્યવસાય | : | ખેતી |

શ્રીપ્રવિણભાઈ સવજીભાઈ પરમાર ખુબજ ઉત્સાહિત, ખંતીલા અને સખત મહેનતુ, માત્ર સાત ધોરણ પાસ અને પશુપાલન ધરાવતા જામનગર જીલ્લાના જીવાપર ગામના ખેડૂત છે. જીવાપર ખુબજ અંતરિયાળ ગામ છે અને જમીન પણ અસમતળ છે. સરેરાશ વાર્ષિક વરસાદ પણ માત્ર ૩૦૦ થી ૩૫૦ મી. મી. જેટલો પડે છે. પરંતુ એમને કેનાલના પાણીની સારી સગવડ હોઈ જ્યારે કુવા અને બોરમાં પાણી ન હોઈ ત્યારે કેનાલના પાણીનો ઉપયોગ કરે છે. બાગાયતી પાકોની શક્યતા પણ આ વિસ્તારમા ઓછી છે તેમજ રોઝ અને ભૂંડનો મુખ્ય પ્રશ્ન છે. પ્રવિણભાઈએ પોતાના ખેતરની ફરતે સુરક્ષિત કંટાળા તારની વાડ બનાવી છે.

પ્રવિણભાઈના પરિવારનો સંપૂર્ણ આધાર માત્ર ખેતી પર છે. આવકનો બીજો કોઈપણ સ્ત્રોત નથી પરંતુ તેમણે ખેતીમાં અંગત રસ લઈ ખેતીને ધંધા તરીકે સ્વીકારી અને બાગાયતી પાકો તેમજ ઔષધીય પાક ચીકોરીની આધ્યાત્મિક/સજીવ ખેતી ચાલુ કરી.

**પ્રાયોગીક ઉપયોગીતા:**

શ્રી પ્રવિણભાઈ સવજીભાઈ પરમાર ખુબજ ખંતીલા અને કંઈક નવું કરવાની ધગશ ધરાવે છે. તેઓ છેલ્લા ૩૫ વર્ષથી મગફળી, કપાસ, તલ, મકાઈ, મરચી, લસણ, ડુંગળી અને અન્ય ઘાસચારાના પાકોની ચીલા ચાલુ ખેતી કરતા હતા. થોડા અનુભવ પછી તેઓ ડુંગળી અને લસણની ખેતી પોતાના ખેતરમાં અપનાવી. ખેતીમા ખુબજ રસ હોવાથી તેઓ કૃષિ મહોત્સવ અને ખેડૂત તાલીમ કાર્યક્રમમાં અવશ્ય ભાગ લેતા આ દરમ્યાન તેમણે ઔષધીય પાકો અને બાગાયત પાકોની સજીવ ખેતી વિષે માહિતી મેળવી હતી. ત્યારબાદ તેમણે ચીકોરીની આધ્યાત્મિક ખેતી કરવાનું નક્કી કર્યું પરંતુ શરૂઆતમાં ખુબજ તકલીફ પડતી હતી પરંતુ ત્યારબાદ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જામનગરના કૃષિ વૈજ્ઞાનિકોના સંપર્કમાં આવતા તેમણે ચીકોરીની ખેતી વિષેની તમામ માહિતી મેળવી અને તેમણે કંઈક નવીન ખેતી કરવાનો મક્કમ નિર્ણય કર્યો અને ચીકોરીની આધ્યાત્મિક ખેતી પોતાના ખેતર પર અપનાવી.

પ્રવિણભાઈએ આધ્યાત્મિક રીતે ચીકોરીની સજીવ ખેતી કરી. તેમણે કોઈપણ પ્રકારના રાસાયણિક ખતરો કે જંતુનાશક દવાઓનો ઉપયોગ કરેલ ન હતો. તેઓ ખેતર પર ધ્યાન કરતા તેમજ જૈવિક પ્રવાહી ખાતર, સારું કોહવાયેલું દેશી ખાતર અને લીંબોળીના ખોળનો ઉપયોગ કરતા વધુમાં તેમણે પાક સરંક્ષણના મુદ્દાને ધ્યાને લઈ જીવામૃત, પંચગ્વ્ય અને ગોમૂત્રનો ઉપયોગ કરેલ.

પ્રવિણભાઈએ ૧૫ ટન/હેક્ટર ચીકોરીનું ઉત્પાદન મેળવ્યું હતું અને રૂ. ૩૭૫૦૦૦/- પ્રતિ હેક્ટર આવક મેળવેલ. આ ઉપરાંત તેમણે ૨.૫ ટન પાન/હેક્ટરનું પણ ઉત્પાદન મળ્યું હતું પાનનો ઉપયોગ પશુ માટે સારા ઘાસ ચારા તરીકે થાય છે. તેમણે ચીકોરીની ખેતી માટે કુલ રૂ. ૩૨૦૦૦/- નો ખર્ચ કરેલ. આમ, તેમણે કુલ રૂ. ૩૪૩૦૦૦/- પ્રતિ હેક્ટર દીઠ વળતર મેળવેલ.

આમ, જ્યારે ચારેબાજુ ખર્ચ વગરની/આધ્યાત્મિક/સજીવ ખેતીના ગુણગાન ગવાઈ રહ્યા છે ત્યારે તેમણે આજે અધ્યાત્મિક રીતે ચીકોરીની ખેતીની શરૂઆત કરી છે જે ખરેખર પ્રશંસાને પાત્ર છે તેમજ તેમણે આ સાથે જામનગર જીલ્લામાં એક નવા ઔષધીય પાકની ખેતીની શરૂઆત કરી છેલ્લા ૧૦ વર્ષ થી કંઈક ને કંઈક નવીન કરતા રહે છે. તેમણે પોતાના ઉત્પાદનનું રીટેલ વેચાણ પોતાના ખેતર પરથી તેમજ

કોફીના ઉત્પાદન સાથે સંકળાયલી કંપનીને કરેલ.

| | |
|---|---|
|  |  |
| **ખેડૂત પ્રવિણભાઈ ચીકોરીના પાક સાથે** | **ચીકોરીનું ખેતર** |
|  |  |
| **કેવીકે, જુ.કૃ.યુ., જામનગરના વૈજ્ઞાનિકોની મુલાકાત** | **ચીકોરી** |